# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 31-08-2025 Day: Sunday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતી વકીલ** વાંચે છે.

---

## PM-ચીન મુલાકાત-:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 25મા શાંઘાઈ સહયોગ સંગઠન – SCO સમિટમાં ભાગ લેવા માટે ગઈકાલે ચીનના તિયાનજિન પહોંચ્યા હતા. બે દિવસીય સમિટ આજથી શરૂ થશે. સમિટ દરમિયાન, શ્રી મોદી વૈશ્વિક નેતાઓને મળશે અને પ્રાદેશિક સુરક્ષા, કનેક્ટિવિટી, ટકાઉ વિકાસ અને વૈશ્વિક સહયોગના મુદ્દાઓ પર ચર્ચા કરશે.

ચીનમાં શાંઘાઈ સહયોગ સંગઠનનું આયોજન પાંચમી વખત થઈ રહ્યું છે. ચીનના રાષ્ટ્રપતિ શ્રી શી જિનપિંગ કાર્યવાહીનું નેતૃત્વ કરશે. 20 થી વધુ રાષ્ટ્રપ્રમુખો અને 10 આંતરરાષ્ટ્રીય સંગઠનો સમિટમાં હાજર રહેશે તેવી શક્યતા છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સમિટમાં હાજરી આપનારા અગ્રણી નેતાઓમાં સામેલ છે.

-----------------------------------------------------------------------------------------

## PM-જાપાન:

જાપાન મુલાકાતના પહેલા દિવસે ગઈકાલે 15મા ભારત-જાપાન વાર્ષિક શિખર સંમેલનમાં હાજરી આપ્યા બાદ, પ્રધાનમંત્રી મોદી ગઈકાલે ટોક્યોમાં 16 પ્રાંતોના ગવર્નરોને મળ્યા. પ્રધાનમંત્રીએ તેમને ભારતની વિકાસગાથામાં ભાગીદાર બનવા આમંત્રણ આપ્યું. વાર્ષિક શિખર સંમેલન દરમિયાન, શ્રી મોદી અને શ્રી ઇશિબાએ પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો કરી અને અનેક કરારોનું આદાન-પ્રદાન કર્યું. આ પ્રસંગે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારત-જાપાન મિત્રતા આવનારા સમયમાં નવી ઊંચાઈઓને સ્પર્શશે.

-----------------------------------------------------------------------------------------

## મન કી બાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 125મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

મન કી બાતનો કચ્છી ભવાનુવાદ આજે સાંજે 7 વાગીને 5 મિનિટે આકાશવાણીના ભુજ કેન્દ્ર પરથી રજુ થશે.

---

## ગૃહમંત્રી-ગુજરાતમાં:

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ ગઈકાલથી બે દિવસ રાજ્યના પ્રવાસે છે. આજે સવારે ઓગણજ અને ચાંદલોડિયામાં આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરશે. જ્યારે રાણીપ અને નવા વાડજમાં વૃક્ષારોપણ કરશે. અમદાવાદ ભદ્રકાળી માતાના દર્શન કરશે અને લાલ દરવાજા ખાતે સરદાર બાગનું લોકાર્પણ કરશે. તેમજ સાંજે ગાંધીનગરમાં ડાયલ 112 અંતર્ગત શરૂ થયેલા જનરક્ષક પ્રોજેક્ટ,નવ નિર્મિત મકાનો તથા પોલીસના વાહનો લોકાર્પણ કરશે.

---

## CM-વન મહોત્સવ:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, વન બહારના વિસ્તારમાં 1143 ચોરસ કિલોમીટરના વન આવરણ વધારવા સાથે ગુજરાત દેશમાં પ્રથમ સ્થાને છે.ગઈકાલે ખેડા જિલ્લાના ગળતેશ્વર ખાતે '76મા વન મહોત્સવ'ની ઉજવણી દરમિયાન શ્રી પટેલે આ મુજબ જણાવ્યુ હતું. કાર્યક્રમ દરમિયાન રાજ્યના 24મા સાંસ્કૃતિક વન 'ગળતેશ્વર વન'નું લોકાર્પણ કરાયું. આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યુ કે, આબોહવા પરિવર્તનનો અલાયદો વિભાગ શરૂ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે. કાર્યક્રમ દરમિયાન ગુજરાત રાજ્ય જળપ્લાવિત સત્તામંડળની વેબસાઇટનો પણ શુભારંભ કરાયો.

---------------------------------------------------------------------------------------------------

## કચ્છ-મેળાઓ :

કચ્છના રાપર તાલુકામાં આવેલાં સુપ્રસિદ્ધ રવેચી માતાનો મેળો આજે યોજાશે. આ વખતે સારો વરસાદ થયો હોવાથી કચ્છ-સૌરાષ્ટ્ર, ગુજરાત સહિત, મુંબઈ, પૂણે, બેંગ્લોર વગેરે દૂર-દૂરથી ભાવિકો માતાજીને માથું નમાવવા અને મેળો માણવા ઊમટી પડશે.

તો કચ્છનો મોટા યક્ષનો મેળો આગામી 7 સપ્ટેમ્બરથી 10 સપ્ટેમ્બર સુધી યોજાનાર છે, ત્યારે કચ્છના ભાતીગળ મેળાને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. મેળામાં ધંધાર્થીઓ માટે 600થી વધુ પ્લોટની ફાળવણી કરવામાં આવી છે. મેળામાં લાખો સહેલાણીઓ ઉમટશે. પાછલા થોડા વર્ષોથી દિવસને બદલે રાત્રે મેળો વધુ જામે છે. મેળામાં લોકોના ધસારાને ધ્યાનમાં રાખી પાંચ પોલીસ પોઇન્ટ મૂકવામાં આવ્યા છે.

---------------------------------------------------------------------------------------------------

## કચ્છ-વન મહોત્સવ:

સામાજીક વનીકરણ વિભાગ કચ્છ દ્વારા આયોજીત જીલ્લા કક્ષાના 76માં વન મહોત્સવની ઉજવણી કચ્છ યુનિવર્સિટી ખાતે આગામી તારીખ 2 સપ્ટેમ્બરે ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચેરમેન ધર્મિષ્ઠાબેન ગજ્જર, જીલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા, તથા સાંસદ વિનોદ ચાવડાની હાજરીમાં કરવામાં આવશે.

---------------------------------------------------------------------------------------------------

# જન્મ-મરણ નોંધણી:

રાજ્યમાં જન્મ અને મરણની નોંધણી માટેની પ્રક્રિયામાં મોટો ફેરફાર થવા જઈ રહ્યો છે. આગામી 01 સપ્ટેમ્બર, 2025થી રાજ્યમાં જન્મ-મરણની નોંધણી આરોગ્ય વિભાગ દ્વારા સંચાલિત E-olakh Applicationને બદલે હવે કેન્દ્ર સરકારના CRS (Civil Registration System) Portal પર કરવાની રહેશે. આરોગ્ય અને તબીબી સેવાઓ વિભાગ દ્વારા આ અંગેની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી.

---